ગાંધીનગર સમાચાર

# સેક્ટર-૩માં પ્રથમ નોરતે પ્રસાદમાં લોલીપોપ વહેંચાઈ

## સરકારના વિશેષ પેકેજને લોલીપોપ ગણાવીને પ્રસાદમાં લોલીપોપ વહેંચવામાં આવી : થાળી-વેલણના તાલે ગરબા ખેલાય તેવા સંકેત

ગાંધીનગર, તા. ૧૩

પાટીદાર અનામત આંદોલન બાદ ગુજરાત સરકાર દ્વારા વિશેષ પેકેજ જાહેર કરવામાં આવ્યુ હતુ. આ પેકેજ પાટીદારો માટે મશ્કરી સમાન હોવાનો દાવો કરી પાટીદારોએ આ પેકેજનો અસંતોષ વ્યક્ત કરવા અનેક કાર્યક્રમો કર્યા હતા. સરકારે જે પ્રકારે પાટીદારોને આ પેકેજ સ્વરૂપે લોલીપોપ આપી પાટીદારોની મશ્કરી કરી તે જ રીતે પાટીદારો વિવિધ જાહેર કાર્યક્રમોમાં લોલીપોપ વિતરણ કરીને સરકારની મશ્કરીનો વળતો જવાબ આપી રહ્યા છે.

નવરાત્રીના પ્રથમ દિવસે જ રાજ્યના પાટનગર ગાંધીનગરમાં પ્રસાદ સ્વરૂપે લોલીપોપ વહેંચવામાં આવતા સરકારને આ વાત ચચરી છે. એક કોર્પોરેટરના વોર્ડમાં જ સેક્ટર-૩-સી ખાતે જાહેર શેરી ગરબા સ્થળે પ્રથમ નોરતે રાત્રે અંબાજી માતાજીની આરતી બાદ પ્રસાદમાં લોલીપોપ વિતરણ કરાઈ હતી. પાટીદારો દ્વારા પ્રસાદમાં રાખવામાં આવેલ લોલીપોપનું મુખ્ય કારણ સરકારે પાટીદારોને વિશેષ પેકેજ સ્વરૂપે આપેલી લોલીપોપનો જ વળતો જવાબ છે. હજુ પણ વિવિધ સેક્ટરોમાં આ પ્રકારે લોલીપોપ પ્રસાદી બનાવીને તેનું વિતરણ કરી સરકારના આ પેકેજની જાહેરાતનો અસંતોષ વ્યક્ત કરવામાં આવે તેવી પુરી શક્યતાઓ છે. તો બીજી તરફ મહિલા પાટીદારો ઢોલના બદલે થાળી-વેલણના તાલે ક્ષણભર ગરબા ગુમીને વિરોધ પ્રદર્શન કરે તેવા પણ સંકેત છે.



# દ્વારકાના ભીમરાણા ખાતે ભવ્ય મોગલ પ્રાગટ્ય મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૩

સૌરાષ્ટ્રના દ્વારકા જિલ્લાના મીઠાપુર પાસેના ભીમરાણા ગામે આઈશ્રી મોગલનો પ્રાગટ્ય મહોત્સવ તા. ૨૫મી ઓક્ટોબર રવિવારે ઉજવાશે. આ પ્રસંગે ભવ્ય દેવી મહાયજ્ઞ નૈવેધ યોજાશે. આઈશ્રી મોગલ પ્રાગટ્ય ભૂમિ ઓખા મંડળ ભીમરાણા ખાતે મહંત પૂ. ઘનશ્યામગીરી બાપુના સાનિધ્યમાં યોજાનાર આઈશ્રી મોગલ પ્રાગટ્ય મહોત્સવમાં દેવી મહાયજ્ઞ ઉપરાંત રવેચીનો નવનાળનો કુંભ, મહાસંધ્યા આરતી, તરવાડો તથા બિહુહોમ જેવા પ્રસંગો યોજાશે. આઈ આરાધના ડાયરામાં લોક સંસ્કૃતિના જાણીતા કલાકારો રમઝટ બોલાવશે. મુખ્ય મહેમાન પદે જામનગરના સંસદ સભ્ય પૂનમબેન માડમ, ધારાસભ્યો ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા પબુભા માણેક અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહેશે. મહેસાણાના ડીડીઓ એસ.કે. લાંગા, લોક સાહિત્ય કલાકાર ભીખુદાન ગઢવી તથા ગુજરાત સંગીત નાટ્ય અકાદમીના અધ્યક્ષ યોગેશભાઈ ગઢવીનું વિશેષ સન્માન કરાશે.

# યુપીસીએસની પ્રિલીમ પરીક્ષામાં ૧૫૦૦૮ ઉમેદવાર પાસ

અમદાવાદ, તા.૧૩

યુનિયન પબ્લીક સર્વિસ કમિશન (યુપીએસસી) દ્વારા લેવામાં આવેલ સિવીલ સર્વિસની પ્રિલીમ પરીક્ષાનું પરીણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. જેમાં દેશભરમાંથી કુલ ૧૫૦૦૮ ઉમેદવારો મેઈન પરીક્ષા માટે ક્વોલીફાઈ કરવામાં સફળ રહ્યા છે. યુપીએસસી દ્વારા સોમવારે મોડી રાત્રે વેબસાઈટ પર પરીણામ જાહેર કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત થતી માહિતી મુજબ દેશમાં સિવીલ સેવાની સર્વિસ માટે ગત ૨૩મી ઓગસ્ટના રોજ યુનિયન પબ્લીક સર્વિસ કમિશન દ્વારા યુપીએસસીની પ્રિલમ પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષા માટે દેશભરમાંથી ૯,૪૫,૯૦૮ ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરી હતી. જે પૈકી કુલ ૪.૬૩ લાખ ઉમેદવારો ૨૩ ઓગસ્ટનાં રોજ લેવામાં આવેલી પ્રિલીમ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે પરીક્ષા લીધાના ૫૦ દિવસમાંજ યુપીએસસી દ્વારા પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. જેમાં પરીક્ષા આપનાર ૪.૬૩ લાખ ઉમેદવારો પૈકી ૧૫૦૦૮ ઉમેદવારોને યુપીએસસીની મેઈન પરીક્ષા માટે ક્વોલીફાય જાહેર કરવામાં આવ્યા છે. ક્વોલીફાય ઉમેદવારોની યાદીમાં નામ ધરાવતા ઉમેદવારોએ હવે પોતાની પ્રિલીમ પરીક્ષામાં પરિણામની નકલ સાથે મેઈન પરીક્ષામાં ભાગ લેવા માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે. યુપીએસસીની મેઈન પરીક્ષા ૧૮ ડિસેમ્બર ૨૦૧૫નાં રોજ લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, દેશમાં ઉચ્ચ વહીવટીય ક્ષેત્રે આઈએએસ. આઈપીએસ, અને આઈએફએસ જેવી સેવાનાં અધીકારીઓની સીધી ભરતી માટે યુનિયન પબ્લીક સર્વિસ કમિશન દ્વારા દર વર્ષે સિવીલ સર્વિસની પરીક્ષા લેવામાં આવે છે આ પરીક્ષા કુલ ત્રણ સ્તરમાં લેવામાં આવે છે. જેમાં પ્રથમ તબક્કામાં પ્રિલીમ પરીક્ષા યોજવામાં આવે છે. પ્રિલીમ પરીક્ષામાં પાસ થનાર ઉમેદવારોને મેઈન પરીક્ષામાં બેસવાની તક આપવામાં આવે છે. જ્યારે મેઈન પરીક્ષામાં ઉતિર્ણ થનાર ઉમેદવારોએ વન-ટુ-વન ઈન્ટરવ્યુ પાસ કરવાનું હોય છે. જેનાં આધારે વિવિધ સિવિલ સેવાઓ માટેના ઉમેદવારોની પસંદગી કરવામાં આવે છે.

# આજે અરિહંત સ્કૂલ ખાતે નવરાત્રીની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૩

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરીચર્સ ઈન્સ્ટીટ્યુટ ખાતે તા. ૧૪ ઓક્ટોબરના રોજ સાંજે ૬.૦૦ કલાકે નવરાત્રી પર્વની ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લેશે તેમજ આ કાર્યક્રમમાં તેમના વાલીઓને આમંત્રિત કરવામાં આવ્યા છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ઈન્સ્ટીટ્યુટ ખાતે રાસ ગરબા ગવાશે. રાસ ગરબા માટે અમદાવાદનું પ્રસિદ્ધ અંબિકા કલાવૃંદ ગૃપને બોલાવવામાં આવ્યા છે.

## ખૂણે ખાંચરેથી...

● ગુજરાત યુનિ.ની પરીક્ષાઓ પાછી લઈ જવાનો નિર્ણય લેવાયો છે અને તેને લઈ વિદ્યાર્થીઓમાં નવરાત્રીનો ઉત્સાહ બેવડાયો છે.

● તાજેતરમાં અમદાવાદ શબાના આઝમી અભિનીત ગીરીશ કર્નાડ લિખિત તથા નાટ્યગુરૂ અલીક પદમશી દિગ્દર્શીત નાટક "બ્રોકન ઈમેજીજ" ભજવાઈ ગયું.

● ગાંધીનગર શહેરમાં આજથી ફઆફડા તેમજ અન્ય ફૂડની ઘરાકીમાં વધારો થવા પામ્યો છે. જે દશેરાએ ચરમસીમા પર પહોંચશે.

● ગાંધીનાગર જિલ્લામાં પીવાના પાણીની સ્થિતિ અંગે વિગતવાર અહેવાલ માંગવામાં આવ્યો છે.

● ગાંધીનાગર સિવિલ હોસ્પિટલમાં હવે ઉંમરના પ્રમાણપત્ર આપવાના અધિકારો આર.એચ.ઓ.નો સુપ્રત કરવાના નિર્ણયે વિવાદ ઉભો થયો છે. અન્ય હોસ્પિટલોમાં સિવિલ સર્જન આ પ્રમાણપત્ર આપતા હોય છે.

● માનવ અધિકાર પંચની એક ટીમે આજે સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈ અને ગટરમાં ગુંગળામણથી મૃત્યુ થયાની ઘટના અંગે તપાસ કરી હતી.

# અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના તઘલખી નિર્ણયો સામે બ્રહ્મહિત રક્ષા સમિતિનું આવેદનપત્ર

## ભૂદેવોને થતી કનડગત દૂર કરવા ૫૧ શક્તિપીઠોમાં પુજારીઓની નિમણૂંક કરવા, સુરક્ષાના બહાને બંધ રખાયેલ દરવાજા ખોલવા તથા ઉડનખટોલાથી ગબ્બર પર્વતને થયેલ નુકશાન અંગે વૈજ્ઞાનિક તપાસ કરવા માંગ

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત રાજય સમસ્ત બ્રહ્મસમાજની બ્રહ્મ હિત રક્ષા સમિતિ દ્વારા અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અવારનવાર લેવાતા તઘલખી અને મનસ્વી નિર્ણયોના કારણે ધર્મપ્રેમી જનતા તેમજ મંદિર સાથે સંકળાયેલા ભૂદેવોને પારાવાર મુશ્કેલી ઉભી થતા હોઈ તે સંદર્ભે આવેદનપત્ર આપવામાં આવ્યું છે.



અંબાજી મંદિર એ પબ્લિક ટ્રસ્ટ હોઈ તેના વહીવટમાં પ્રજાના પ્રતિનિધિ મુકવા પુનઃ વિચારણા કરવા, માતાજીની પાવડી પૂજા તથા થાળ ધરાવતી વખતે ધાર્મિકવિધિની પવિત્રતા જાળવવી, સુરક્ષાના બહાના હેઠળ મંદિરના બંધ રખાયેલા ગેટ સત્વરે ખોલવા, નગરબંધુઓ માટે રાત્રી પૂજન તેમજ અન્નકુટ ધરાવવા અગાઉથી માંગણી કરે તો મંદિર ખુલ્લુ રહે ત્યાં સુધી પુજા ચાલુ રહે તેવી વ્યવસ્થા ગોઠવવા આવેદન પત્રમાં માંગ કરાઈ છે. આ ઉપરાંત ગત ભાદરવી પૂનમે સસ્તી લોકપ્રિયતા અને પ્રસિદ્ધિ ખાતર ૧૧,૧૧૧ કિલો લાડુ અને ૧૫૦૦ ફૂટની ધજા ચડાવવાની પ્રક્રિયા યોજાઈ તેના અનુસંધાને ભવિષ્યમાં ધાર્મિકતાને ઠેસ ન પહોંચે તેવી પ્રક્રિયા ના યોજવા, ગબ્બર પર બનાવાયેલ એકાવન શકિતપીઠોમાં ૫૧ પુજારીઓની નિમણુંક કરવા તથા ટ્રસ્ટ દ્વારા સંચાલિત પાઠશાળામાં શિક્ષકો, અધ્યાપકો અને પુજારીઓના પગાર બાબતે વિસંગતતા દૂર કરવા પુનઃ વિચારણા કરવા પણ માંગ કરાઈ છે. આ આવેદનપત્રમાં ઉડન ખટોલા દ્વારા ગબ્બર શક્તિપીઠને થયેલ નુકશાનથી વૈજ્ઞાનિક તપાસ કરવા, મુખ્ય મંદિરની પરિક્રમા થઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવા, બહુચરમાતાનો ગોખ ભરાય તેવી વ્યવસ્થા ગોઠવવા તેમજ ભાવિકોને મંદિરમાં શ્રીફળ-અગરબત્તી લઈ પ્રવેશ કરવા દેવા અને ચાચર ચોકમાં ભૂદેવોને બેસવા સન્માનજનક વ્યવસ્થા કરવા માંગણી વ્યક્ત કરવામાં આવી છે.



કેસરીયો રંગ લાગ્યો લા ગરબા... નવરાત્રિના પ્રથમ દિવસે નગરની અબાલ વૃદ્ધ મહિલાઓ વિવિધ શૈલીમાં ગરબા કરી મા આદ્ય શક્તિની આરાધના કરી છે. છેલ્લા ચાર દાયકાથી શહેરની પ્રતિષ્ઠિત મહિલા સંસ્થા જ્યોતિ મહિલા મંડળ દ્વારા યોજાતા ગરબા મહોત્સવમાં ૧૨૦૦થી વધુ યુવતી અને મહિલાઓએ ભાગ લઈ નવરાત્રિનો રંગારંગ આરંભ કર્યો હતો. પાંચ વર્ષથી લઈ ૮૦ વર્ષની નારીશક્તિ વિવિધ શૈલીમાં ગરબા કરી નગરના નવરાત્રિ મહોત્સવનું ભાવપૂર્વક પ્રાગટ્ય કર્યું હતું.